Seat No. : ______________

# TA-121

**M.A. Sem. - II**
**April-2013**

## Gujarati (409)

**ભાષા સિદ્ધાંત અને વ્યવહાર**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

૧. ભાષાવિજ્ઞાનના વિષય પ્રદેશની સામાન્ય સમજૂતી આપી ભાષાવિજ્ઞાન અને શરીરવિજ્ઞાન, ભાષાવિજ્ઞાન અને મનોવિજ્ઞાન, ભાષાવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર, ભાષાવિજ્ઞાન અને ઈતિહાસ, ભાષાવિજ્ઞાન અને નૃવંશશાસ્ત્ર વિશે વિગતે પરિચય આપો. ૧૪

**અથવા**

ભાષાવિજ્ઞાનની ચાર મહત્ત્વની શાખાઓ – વાક્યવિજ્ઞાન, પદવિજ્ઞાન, ધ્વનિવિજ્ઞાન, અર્થવિજ્ઞાનનો વિગતે પરિચય કરાવો.

૨. ધ્વનિઘટક એટલે શું તે સમજાવી ગુજરાતી ભાષાના ધ્વનિઘટકોનો પરિચય કરાવો. ૧૪

**અથવા**

નોંધ લખો : (**બંને**)

(૧) અક્ષર અને સંધ્યક્ષર

(૨) સહવર્તી ધર્મો

૩. રૂપઘટક એટલે શું ? તે સમજાવી રૂપઘટકના વિવિધ પ્રકારોનો પરિચય આપો. ૧૪

**અથવા**

રૂપ-રૂપઘટક-ઉપરૂપઘટકની વિભાવના સદૃષ્ટાંત સમજાવો.

૪. વાક્ય એટલે શું ? તે સ્પષ્ટ કરી સાદી સંયુક્ત અને સંકુલ વાક્યરચનાનો સદૃષ્ટાંત પરિચય આપો. ૧૪

**અથવા**

નોંધ લખો : (**બંને**)

(૧) 'ઋ' નું પરિવર્તન

(૨) મધ્યસ્થાનના અલ્પપ્રાણ વ્યંજનનું પરિવર્તન

૫. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **૧૪**

(૧) ગુજરાતી ભાષામાં સ્વરધ્વનિઓ કેટલા છે ? કયા કયા ?

(૨) પૂર્વ સ્વર દીર્ઘત્વ, સંયુક્ત વ્યંજનોનું સરલીકરણ, સંયુક્ત વ્યંજનોનો વિશ્લેષણમાંથી કોઈ એક પરિવર્તનના બે ઉદાહરણ આપો.

(૩) જંકચરનું કોઈ એક દૃષ્ટાંત આપો.

(૪) નીચેના ધ્વનિઓમાંથી પાર્શ્વિક, સંઘર્ષી અને પ્રકંપી ધ્વનિઓ ઓળખાવો :

ળ, ગ, શ, ન, પ, ર, જ, લ

(૫) નીચેનામાંથી કયા ધ્વનિઓ અલ્પપ્રાણ છે ?

ખ, ક, ન, ગ, ચ, ટ, ઠ, પ

(૬) ગુજરાતી ભાષાના મૂર્ધન્ય વ્યંજનો કયા કયા છે ?

(૭) ગુજરાતી ભાષાના સંઘર્ષી વ્યંજનો જણાવો.

(૮) ગુજરાતી ભાષામાં અર્ધસ્વર કેટલા છે ? કયા કયા ?

(૯) ગુજરાતી ભાષામાં વપરાતા નીચેના ધ્વનિઓની ઓળખ આપો :

ળ, ર, ય, વ

(૧૦) મહાપ્રાણ વ્યંજનના પરિવર્તનના કોઈપણ બે દૃષ્ટાંત આપો.

(૧૧) નીચેના વિધિવાક્યને નિષેધ વાક્યમાં ફેરવો :

રમેશનું ભણતર સારું.

(૧૨) નીચેના કર્તરિવાક્યને કર્મણિવાક્યમાં ફેરવો :

અશોક કંઈ બોલ્યો ન હતો.

(૧૩) નીચેના શબ્દોમાંથી પૂર્વપ્રત્યયો છૂટા પાડો અને તેનું કાર્ય જણાવો :

અધર્મ, અપૂરતું, બેજવાબદાર, ગેરવાજબી

(૧૪) રૂપઘટકની વ્યાખ્યા આપો.

---